# શ્રી પ્રજાપતિસમાજ (યુ.કે.)

Established 1975 www.spawellingborough.co.uk Charity no. 802570






# વેલીગબરોશાખાનો સમાચાર પત્ર


અંક૭૪ જુન ૨૦૦૯

બધો પત્ર વ્યવાર ધીરૂભાઇ મિસ્ત્રી

**All written correspondence to: Dhirubhai Mistry, 9 Whernside, Wellingborough, NN8 5QQ Newsletter Editors: English – Satish Mistry, Gujarati – Naresh Lad**


## સ્વાગત

**આપણા સમાજના ઈ.સ.૨૦૦૯ ના બીજા સમાચાર પત્રમાં આપ સર્વેને જયશ્રીક્રિષ્ણ, આ સમાચાર પત્રમાં માહિતી તથા સમાજ ને લગતી અગત્યની સુચનાઓ અને આપણા સમાજની બધીજ પ્રવૃતીનો સમાવેસ કરવામા આવેલ છે. ઉનાળા ના ગરમીના દિવસો આવિ રહયા છે અને આ સમાચાર પત્રમા તમારા માટે ઉનાળા આવતી બધી પ્રવૃતી ની માહિતી છે. .........**

---

## અગત્યની તારીખો

૨૮.૬.૦૯ ફેમીલીડે આઉટીંગ, વિકસ્ટીડપાર્ક, કેટરીંગ

૨૨.૮.૦૯ સ્પોર્ટ ડે, હાટફીલ્ડ યુનીવરસીટી

૧૪.૧૧.૦૯ શાખાની વાર્ષિક પાંટી, કલ્બડાયાના. વેલીગબરો

## શાખાની સમિતી ૨૦૦૯ - ૨૦૧૦

આ વર્ષની સંસ્થાની વાર્ષિક સભા રવિવારે ૨૪મી મે ૨૦૦૯ ના વેલીગબરો હિન્દુ કોમ્યુનીટી સેન્ટરમા મળી હતી. ઘણો આનંદ થાય છે કે સમિતી માં નવા સભ્યો સમાવેસ છે. સમિતી ની નામવલી નીચે પ્રમાણે છે...

પ્રમુખ--ભુપેન્દભાઇ મિસ્ત્રી*

મંત્રી--ધીરૂભાઇ મિસ્ત્રી*

સહમંત્રી-- શીલા મિસ્ત્રી

ખજાનચી--કલ્પનાબેન મિસ્ત્રી

સહખજાનચી--નરેશ લાડ

કસટોડીયલ ટ્રસ્ટી--નાનુભાઇ મિસ્ત્રી*

સહયુથ લીડર

યુથ લીડર-- કાજલ પ્રજાપતિ

મીહલાના સ્નાતક--નીલા મિસ્ત્રી

સહ મહિલા રેપ--શારદાબેન મિસ્ત્રી

સમાચાર પત્ર પ્રકાશક--સતિષ મિસ્ત્રી

સમિતી સભ્ય--ઈશ્વરભાઇ મિસ્ત્રી

સમિતી સભ્ય--ભાનુમતી લાડ

સમિતી સભ્ય--હરીષ મિસ્ત્રી

સમિતી સભ્ય--અનીલ મિસ્ત્રી

સમિતી સભ્ય--હંસાબેન મિસ્ત્રી

વેબ માસ્ટર --નીમીષ લાડ

* પતિનીધી સભ્યો

# શ્રીભુવનેશ્વરીમા સમુહ કથા

આ કથા નુ આયોજન તા.૩૦ મે ૨૦૦૯ શનીવારે હિન્દુ કોમ્યુનીટી સેન્ટરમાં સવારે ૯.૦૦ થી  રાખવામાં આવ્યુ હતુ, સમાજના મહિલાઓ તેમજ હિન્દું મદિરની મહિલા એ સવારે ૬ વાગેથી હોલમાં જઇ, સમાજ ના વડીલ વિજયાબેનની દેખરેખમા મહાપ્રસાદની તૈયારી કરી હતી.

આશરે ૧૫૦ ભકતોએ આકથાનો લાભ લીધો હતો, ૧૨ યજમાન હતા અને શુશીલાબેન પારેખ મુખ્યયજમાન હતા. દરેક ભકતો ઓ શાંતી પુર્વક શાસ્ત્રી શ્રી લાભશંકરભાઇ જોષીના સુંદર અને સરળ ભાષામા કથાનુ રસપાન લીધુ. ત્યાર બાદ આરતી, થાળ અને પ.પૂ આચાર્યશ્રી ઘનશ્યામજીએ પોતાના આશીર વચનોમાં દરેક યજમાનોને આર્શીવાદ પાઠવી,  આપણા સમાજની ચેરીટીની  પ્રવૃતીઓને પ્રોત્સાહન આપી દરેક સભ્યોને આર્શીવાદ આપી પોતાની વાણીને વિરામ આપ્યો.તેઓ એ એક સભા સ્થાનીક પોલીટીશયન સાથે પણ કરી હતી.

આ કથા તથા વેનડલ વોકમાં થી ભેગો થયેલ ફાળો સમાજ બ્રીટીશ હાર્ટ ફાઉન્ડેશન અને પોસ્ટ્રેટ કેનસર ની ચેરીટીને નજીક ના તારીખમાં આપશે.

આ સાથે દરેક સમાજના સભ્યો તથા સહાયકો નો ઘણો ઘણો આભાર.

**ધીરૂભાઇ મિસ્ત્રી**

# સ્પોર્ટસ

દર ગુરૂવારે બેડમીંગટન કલ્બ. સાજે ૭.૧૫ થી ૮.૪૫ હિન્દુ કોમ્યુનીટી સેનટર, ફી છે ૩ પૌંડ પુકતવય માટે અને બાળકો માટે ૧.૫૦.

નેટબોલ મગળવારે ૭ .૧૫ સાજે હિન્દુ કોમ્યુનીટી સેનટરમાં વધુ માહિતી કાજલ નો સંપર્ક કરો.

સમાજ ની બે બાળાઓ નોરથામપટન કાઉન્ટીમાં સ્પોર્ટસ રમે છે તે છે મીરા જે જુનીયર બેડમીંગટન અને તેણીને ૨૦૦પોડની ગ્રાંટ પણ મળેલ છે. નીષા જે હાલે નેટબોલ રમવા માટે નોરથામપટન કાઉન્ટીમાં સીલેકટ થયા છે. બન્ને બાળાને સમાજ તરફથી ખુબ ખુબ અભિનંદન.

# શાખાનુ સમાજ સેવાનુ કાર્ય,

**૧, બ્રીટીશ હાર્ટ ફાઉંડેશન.. ૨, પ્રોસટેયટ કેનસે અને ૩, નવસારી આશ્રમ.**

# બોલીવુડ ફાન્સીડ્રેસ પાર્ટી

આ વર્ષે બોલીવુડ પાર્ટીમા તો બહુજ મઝા આવી ગઈ.દરેક સમીતીના સભ્યો તથા મદદ કરનાર દરેકને ધન્યવાદ. આ  સફળતાનુ કારણ સમાજ ના સભ્યોની મહેનત અને એકતા છે. આભગીરથ કાર્યમા સમાજે ૧૬૦ વ્યકિતઓને આનંદ  આપ્યો, અને આપણા સમાજની ફંડ ભેગા કરવાની પ્રર્વુતી ઘણીજ સફળતા મળી, સમાજ ની સમીતી એ પૌંડ ૬૦૦.ફાળો ભેગો કર્યો છે તે આપણી ચેરીટી ની પ્રર્વુતીમા વપરાશે. આગામી સમાજની પાર્ટી ૧૪ નવેમબર ૨૦૦૯, કલ્બ ડાયાના, વેલીગબરોમાં છે તેની ણોઘ લેશો થીમ છે મેન ઇન બ્લેક અને લેડીઝ ઇન રેડ.

# મહિલા સમેલન

આ વર્ષ નુ મહિલા સમેલન નનીટન,કોવેન્ટ્રીની નજીક ૨૬મી એપ્રીલ ૨૦૦૯ ના રાખવામા આવેલ હતુ આશરે ૭૦૦ સભ્યો આ સમેલનમાં ભાગ લીધો હાતો. ગોઇંગ ગ્રીન નો વિષય હાતો.

# વેનડલ વોક

આ વર્ષે વેનડલ વોક શનિવાર ૯ મે ૨૦૦૯ ના છે. ૩,૬,૯,૧૬ અને ૨૬ માઇલ ની સ્પર્ધા છે. તેમા ૨ થી ૭૭ ઉમરના સભ્યો એ ભાગ લીધો હતો અને બધુમળી ૭૪ સભ્યો હતા અને આપણો સમાજ એક મેટામા મોટુ ગ્રુપ હતુ તેનો એવોર્ડ પણ મળ્યો હાતો. દરેક ભાગ લેનારનો ઘણો આભાર.

**શ્રી પ્રજાપતિ સમાજ વેલીગબરો શાખા**